તાપમાન
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૧૨ | ૧૨ ઓક્ટોબર, ૨૦૧૬, બુધવાર ; આસો સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
42

# છેડીશું નહીં, છેડશો તો છોડીશું નહીં : રાજનાથ

## ભારતે હાલમાં જ સાબિતી આપી છે કે તે શક્તિશાળી દેશ છે : ઉશ્કેરણીવગર કોઇ કાર્યવાહી ભારત તરફથી કરાશે નહીં તેવી ખાતરી આપી લખનૌમાં આયોજિત કાર્યક્રમમાં રાજનાથસિંહ પણ આક્રમક મુડમાં દેખાયા



નવી દિલ્હી,તા. ૧૧

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે પાકિસ્તાન ઉપર આકરા પ્રહારો કર્યા હતા. રાજનાથસિંહે કહ્યું હતું કે, ભારતે સાબિત કરી દીધું છે કે તે શક્તિશાળી દેશ છે. લખનૌમાં આયોજિત કાર્યક્રમમાં રાજનાથસિંહે કહ્યું હતું કે, છેલ્લા થોડાક દિવસમાં ભારતે પોતાની મજબૂતી સાબિત કરી છે. દુનિયાના દેશોને આ અંગે સાબિતી આપી દેવામાં આવી છે. સિંહે કહ્યું હતું કે, ભારત કોઈપણ ઉશ્કેરણીમાં આવીને કોઈ હુમલા કરશે નહીં. ઉશ્કેરણી વગર કોઈ ઉપર કાર્યવાહી પણ કરશે નહીં પરંતુ જો તેને છેડવામાં આવશે તો જવાબ આપવાથી પીછેહઠ કરશે નહીં. રાજનાથસિંહે કહ્યું હતું કે, અમે કોઈને છેડવા માંગતા નથી પરંતુ જો કોઈ અમને છેડશે તો તેને છોડવામાં આવશે નહીં. રાજનાથસિંહનો આ સંદેશ સ્પષ્ટપણે પાકિસ્તાન માટે હતો.

રાજનાથસિંહનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ લખનૌ પહોંચ્યા છે અને રામલીલામાં ભાગ લેનાર છે. મોદીના ભાષણ ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. વડાપ્રધાને હાલમાં જ આક્રમક વલણ અપનાવ્યું છે. થોડાક દિવસ પહેલા વડાપ્રધાને પ્રધાનોને સર્જિકલ હુમલાના સંદર્ભમાં વાત ન કરવાની સલાહ આપી હતી. રાજનાથસિંહથી પહેલા સંરક્ષણ મંત્રી મનોહર પારીકર પણ સર્જિકલ સ્ટ્રાઈકને લઈને પાકિસ્તાન ઉપર પ્રહાર કરી ચુક્યા છે. ભાજપ પ્રમુખ અમિત શાહ સંકેત

● અનુસંધાન પાન-૭ પર

## બિહારમાં પાંચ શકમંદ શખ્સોની અટકાયત

પટણા,તા. ૧૧

ભારત-નેપાળ સરહદ ઉપરથી બે પાકિસ્તાની સહિત પાંચ શકમંદ ત્રાસવાદીઓની આજે ધપકડ કરવામાં આવી હતી. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા આ તમામની ધરપકડ કરવામાં આવ્યા બાદ પુછપરછનો દોર ચાલી રહ્યો છે. ઝડપાયેલા શકમંદો પાસેથી બિહારના પાટનગર પટણાના મહત્વના સ્થળોના નકશા આ ઉપરાંત અન્ય કેટલીક વાંધાજનક સામગ્રી પણ મળી આવી છે.

## ભારતનો ત્રીજી ટેસ્ટમાં ૩૨૧ રનથી ભવ્ય વિજય

### અશ્વિને તરખાટ મચાવતા ન્યુઝીલેન્ડની શરણાગતિ ભારતે શ્રેણી ૩-૦થી જીતી વિશ્વમાં પ્રભુત્વ જમાવ્યું



ઈન્દોર,તા. ૧૧

ઈન્દોરના હોલકર મેદાન ઉપર રમાયેલી ત્રીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચના ચોથા દિવસે ભારતે આજે ઈતિહાસ સર્જીને ન્યુઝીલેન્ડ ઉપર રનની દ્રષ્ટિએ હજુ સુધીની સૌથી મોટી જીત મેળવી હતી. આ ટેસ્ટ મેચ ભારતે ૩૨૧ રને જીતીને ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૩-૦થી જીત મેળવી લીધી છે. જીતવા માટેના ૪૭૫ રનના લક્ષ્યાંક સામે ન્યુઝીલેન્ડની ટીમ માત્ર ૧૫૩ રન કરીને ઓલઆઉટ થઈ હતી. ભારતે તમામ ક્ષેત્રોમાં જોરદાર દેખાવ કર્યો હતો. બેટિંગ અને બોલિંગ બંનેમાં પ્રવાસી ટીમને પછડાટ આપી હતી. અગાઉ ગૌત્તમ ગંભીર ૭ રન કર્યા બાદ રિટાયર્ડ હર્ટ થયા બાદ આજે મેદાનમાં ઉતર્યો હતો અને ૫૦ રન કરીને આઉટ થયો હતો. ત્યારબાદ ચેતેશ્વર પુજારાએ પોતાની ટેસ્ટ કેરિયરની આઠમી

● અનુસંધાન પાન-૭ પર

# સીઆરપીએફ પેટ્રોલ ટુકડી પર ત્રાસવાદી હુમલો

## ગ્રેનેડ હુમલામાં બે જવાન સહિત નવ લોકો ઘાયલ : શ્રીનગર-જમ્મુ હાઈવે ઉપર પંપોરેમાં સરકારી ઇમારતમાં ઘુસેલા આતંકવાદીનો ખાત્મો બોલાવવા ઓપરેશન જારી

શ્રીનગર,તા. ૧૧

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં જોરદાર કાર્યવાહી ભારતીય સેનાએ કર્યા બાદથી પાકિસ્તાની ત્રાસવાદીઓ વારંવાર હુમલો કરવાના પ્રયાસ કરી રહ્યા છે. જેના ભાગરુપે આજે પણ સોપિયન જિલ્લામાં ત્રાસવાદી હુમલો થયો હતો જેમાં ઓછામાં ઓછા નવ લોકો ઘાયલ થયા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સીઆરપીએફ પેટ્રોલ ટુકડી ઉપર ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો જેમાં બે જવાન ઘાયલ થયા હતા. સાત નાગરિકો પણ ઘાયલ થયા હતા. બીજી બાજુ શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે ઉપર પંપોરે વિસ્તારમાં સરકારી ઈમારતમાં ઘુસી ગયેલા ત્રાસવાદીઓને બહાર કાઢવા માટેનું ઓપરેશન આજે બીજા દિવસે પણ જારી રહ્યું હતું. સુરક્ષા દળોએ ત્રાસવાદીઓ સામે નવેસરના હુમલાઓ શરૂ કર્યા હતા. સેનાના એક અધિકારીએ કહ્યું છે કે, ઈડીઆઈ ઓફિસને ઘેરી લઈને જોરદાર પ્રહારો કરવામાં આવી રહ્યા છે. સામ સામે ગોળીબાર હજુ પણ જારી છે. આનો મતલબ એ છે કે, ત્રાસવાદીઓનો ખાત્મો હજુ થઈ શક્યો નથી. ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારવા માટે સુરક્ષા દળોએ હુમલા વધુ તીવ્ર બનાવી દીધા છે. અત્રે નોંધનીય છે કે, ગઈકાલે ઈડીઆઈ સંકુલમાં બેથી ત્રણ ત્રાસવાદીઓ વહેલી પરોઢે ઘુસી ગયા

● અનુસંધાન પાન-૭ પર



પંપોરમાં ત્રાસવાદી - કાશ્મીરના પંપોરમાં આવેલી એક સરકારી ઈમારતમાં છેલ્લા ૪૮ કલાકથી ત્રાસવાદીઓ અને જવાનો વચ્ચે દિલધડક ગોળીબાર ચાલી રહ્યો છે.... કેટલા ત્રાસવાદીઓ ઘુસ્યા હશે, કેટલા મર્યા છે અને હજુ કેટલા બચ્યા છે એની કોઈ ચોક્કસ માહિતી હજુ સુધી બહાર આવવા પામી નથી પરંતુ ઈમારતની આસપાસ સતત સર્જાયેલા ધુમાડાથી અંદરની પરિસ્થિતિનો તાગ નીકળે છે... ભારતીય સેના ત્રાસવાદીઓને નાથવાની વ્યૂહરચનાના ભાગરૂપે સીફતપૂર્વક લશ્કરી કામગીરી ચાલી રહી છે... જેના ભાગરૂપે ભારતીય સેનાએ ઈમારતની ચારેય તરફથી ઘેરીને ત્રાસવાદીઓને નાથવા છેલ્લી લડાઈ લડી રહી છે...

# ભારતીયો યુદ્ધથી બુદ્ધ તરફ પ્રેરાતો સમુદાય છે : મોદી

## પોતાના અંદરના જ રાવણને ખતમ કરવાની જરૂર : લખનૌ ખાતે જયશ્રી રામના જય ઘોષની સાથે ભાષણની શરૂઆત : યુદ્ધ ઘણી વખત ફરજિયાત બને છે : વડાપ્રધાન

લખનૌ,તા. ૧૧

વિજયાદશમીના પ્રસંગે



લખનૌના એસબાગ મેદાનમાં લોકોને સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, યુદ્ધ પણ પરિસ્થિતિની દ્રષ્ટિએ ઘણી વખત અનિવાર્ય બની જાય છે પરંતુ અમને યુદ્ધથી બુદ્ધ તરફ જનાર લોકો છીએ. તેમણે કહ્યું હતું કે, ધરતીનો માર્ગ યુદ્ધનો માર્ગ નથી. બુદ્ધનો માર્ગ છે. આતંકવાદ માનવતાના સૌથી મોટા દુશ્મન તરીકે છે તેમ કહીને મોદીએ સંકેતમાં પાકિસ્તાન પર પ્રહારો કર્યા હતા. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, હવે સમય બદલાઈ ચુક્યો છે. ત્રાસવાદીઓની સાથે સાથે ત્રાસવાદીઓને આશરો આપનાર લોકોને પણ છોડવામાં આવશે નહીં. મોદીએ પોતાના સંબોધનમાં સમાજમાં ફેલાયેલી તમામ ખરાબ બાબતોને રાવણ તરીકે ગણાવીને કહ્યું

● અનુસંધાન પાન-૭ પર



દુર્ગાપૂજા - દુર્ગાષ્ટમીની મહાપૂજા ભાવપૂર્વક દેશભરમાં યોજાઈ હતી... પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા અને બિહારના કેટલાક ભાગોમાં દુર્ગાપૂજાનો ધામધૂમથી ઉત્સવ ઉજવાયો હતો... મા નવદુર્ગાની પૂજાનો ભારતીય સંસ્કૃતિમાં મહિમા ગવાયો છે... આસુરી શક્તિ સામે દૈવીશક્તિના વિજયસમા પર્વની ઉજવણી સામાજીક ચેતનાનો ભાગ બની રહ્યો છે... ગાંધીનગર અને અમદાવાદમાં પણ બંગાળી પરિવારો દ્વારા દુર્ગાપૂજાનો ઉત્સવ ધામધૂમથી ઉજવે છે... આજે દુર્ગામાને કુમકુમ તિલક કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી....

# સર્જિકલ સ્ટ્રાઈક પર મોદી અને સેનાની ભાગવત દ્વારા પ્રશંસા

## સર્જિકલ સ્ટ્રાઈક બાદ સરહદ પર સુરક્ષા વધુ મજબૂત કરવાની જરૂર : ભારતની પ્રગતિથી નાખુશ કેટલાક દેશોને પ્રોત્સાહન આપવાનું કામ ભારતમાં પણ સ્વાર્થી લોકો કરે છે : ગૌરક્ષકોની તુલના તોફાનીઓની સાથે ન થઈ શકે

નાગપુર,તા. ૧૧

સંઘના વડા મોહન ભાગવતે



આજે વિજયાદશમીના પર્વ પર નાગપુરમાં આયોજિત કાર્યક્રમમાં કેન્દ્ર સરકારની ભારે પ્રશંસા કરી હતી. મોદી સરકારને ભાગવતે યશસ્વી તરીકે ગણાવીને તેની પ્રશંસા કરી હતી. ભારતીય સેનાની સર્જિકલ સ્ટ્રાઈકથી ભારે ખુશ દેખાયા હતા. ભાગવતે સેના અને કેન્દ્ર સરકારની પ્રશંસા કરી હતી. સાથે સાથ પડોશી દેશ પાકિસ્તાનની ઝાટકણી કાઢી હતી. કેન્દ્ર સરકારની ટિકા કરી રહેલા રાજકીય પક્ષોની ઝાટકણી પણ કાઢી હતી. ભાગવતે તેમના ભાષણમાં ગૌરક્ષા, શિક્ષણ, કાશ્મીર, કાશ્મીરી પંડિત અને અન્ય તમામ મુદ્દા પર વાત કરી હતી. કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસ હાજર રહ્યા હતા. કેન્દ્રિય પ્રધાન નિતીન ગડકરી પણ હાજર રહ્યા હતા. સંઘ પ્રમુખે નામ લીધા વગર કહ્યુહતુ કે અમે તમામ જાણીએ છીએ કાશ્મીરમાં તોફાની તાકાતોને સરહદ પારથી પ્રોત્સાહન મળે છે. અમારા શાસનમાં આવી શક્તિના પણ ઈલાજ છે. અમારી સેનાએ જે પરાક્રમ કર્યા છે તેના કારણે અમે ગર્વ અનુભવ કરી રહ્યા છીએ. તોફાની તત્વોને સંદેશ પહોંચીગયો છે કે સહન કરવાની એક મર્યાદા હોય છે. આ પ્રશંસાજનક કામ આ સરકારના ગાળામા ંથયુ છે. પાકિસ્તાનને દુનિયામાં અલગ પાડી દેવામાં કેન્દ્ર સરકાર સફળ રહી છે. હાલમાં સરકાર કામ કરનાર છે. ઉદાસીન રહેનાર નથી. જે રીતે આગળ વધી રહી છે તેના કારણે વિશ્વાસ છે કે સારા પરિણામ હાંસલ થશે. અમે ધીમી ગતિથી પણ મક્કમરીતે આગળ વધી રહ્યા છીએ.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૦૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

સેલ.. SALE સેલ..
યૂફોમ, સેન્ચ્યુરી ISI
ગોદરેજ લકઝરી મેટ્રેસીસ
સોફા અને પડદાનું કાપડ
પડદાના રોડસ, સોફાની દરી
કુશન કવર, બેડશીટ, ઇમ્પોર્ટેડ બ્લેન્કેટ
ડોરમેટ્સ, સેન્ટર કાર્પેટ
ખાસ ઓફર
પડદાના કાપડ સાથે સીલાઈ ફ્રી
Makhija FURNISHING
885, Vishwakrma Shooping Centre, Sector-21, Gandhinagar
Ph. : 23242000, M.93746 23400
Sale Sunday Open...

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
DECOR · DC TEX · HOMES · COPPER · Kurl-on · SPRINGFIT
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651